For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





(તસવીર : સતીષ જાદવ)

**2000ના ટોળા સામે ગુનો નોંધી 70ની અટકાયત કરવામાં આવી, અનેક શ્રમિકોએ વતનની વાટ પકડી**

# હજીરાની કું.માં L&Tના શ્રમિકોનું તોફાન

**L&Tના** કામદારોએ વેતન વધારો, PF, ESI સહિતના લાભો માટે ત્રણ કલાક તોડફોડ કરી વાહનોને આગ લગાડી

**ટોળાને** કાબૂમાં લેવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો, મામલો કાબૂમાં નહીં આવતા ટીયર ગેસના સેલ છોડ્યા

**એક** ટીયરગેસનો સેલ હાથમાં ફૂટતા પોલીસ ઇન્સ્પેક્ટરને ઇજા પહોંચી







સુરતઃ હરિયાણાના પાણીપતની રિફાઇનરીમાં ઊંચાઈ પરથી પડી લાર્સન એન્ડ ટુબ્રો (L &T) લિમિટેડના કામદારનું મોત થવાનો વીડિયો વાયરલ થયા પછી સુરતના હજીરા ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં આવેલી લાર્સન એન્ડ ટુબ્રો (L &T) એન્જિનિયરિંગ કંપનીને મળેલા કોન્ટ્રાક્ટ થકી આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ (AM/NS ઇન્ડિયા) માં પ્લાન્ટ નિર્માણનું કામ કરનારા 5000 કામદારો તોફાને ચઢ્યા હતા. આજે સવારે 10.30 થી બપોરે 01.30 વાગ્યા સુધી કામદારોએ AM/NS ઇન્ડિયાના કેમ્પસમાં વાહનોની તોડફોડ, આગચંપી અને પત્થરમારો કર્યો હતો. ટોળાને કાબૂમાં લેવા પોલીસે 35 જેટલા ટીયરગેસના સેલ છોડવા પડ્યાં હતાં. પોલીસની કાર્યવાહી અને પ્લાન્ટમાં મચેલા હોબાળા બાદ સેંકડોની સંખ્યામાં શ્રમિકો પ્લાન્ટ છોડીને રસ્તા પર ચાલતા જતા નજરે પડ્યા હતા. હજારો કર્મચારીઓ એકસાથે પ્લાન્ટની બહાર નીકળી પગપાળા રવાના થતા હજીરા વિસ્તારના માર્ગો ...અનુસંધાન પાના 13 પર

## હરિયાણાથી હજીરા સુધીનો ઘટનાક્રમ

- પાણીપતની રિફાઇનરીની ઘટનામાં મૃત્યુ પામેલા વીડિયો ફરતો થતાં શ્રમિકોઅને સૂત્રોચ્ચાર કર્યો
- પગાર વધારો, કામકાજની શરતો અને અન્ય પડતર પ્રશ્નોને લઈને સૂત્રોચ્ચાર થયો
- કેટલાક કામદારો દ્વારા લાકડાના ફટકા ,લોખંડની પાટો લઈને કેમ્પસમાં ફરતા દેખાયા
- કેટલીક કારોમાં તોડફોડ કરી ટાયરો સળગાવાયા, વાહનોની આગચંપી કરવામાં આવી

## L&T મેનેજમેન્ટને કામદારો સાથે ચર્ચા કરીને પ્રશ્ન ઉકેલવા જણાવાયું છે:AM/NS ઇન્ડિયા


દરમિયાન આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ (AM/NS) ઈન્ડિયા લી.એ એકલેખિત નિવેદન બહાર પાડી જણાવ્યું છે કે, 'AM/NS Indiaના હઝીરા પ્લાન્ટ પ્રોજેક્ટ સાઈટ પર L&T દ્વારા નિયુક્ત કરાયેલા કામદારોનો એક જૂથ આજે તેમની સંસ્થા L&T સામે કેટલીક માંગણીઓ રજૂ કરવા માટે મોટી સંખ્યામાં એકત્રિત થઈ દેખાવો કર્યો હતો.L&T મેનેજમેન્ટ કામદારો સાથે ચર્ચા કરીને પરિસ્થિતિને ઝડપથી સંભાળી રહ્યું છે. સ્થાનિક સત્તાવાળાઓ પણ સ્થળ પર પરિસ્થિતિનું સંચાલન કરવામાં જોડાયેલા છે.'

## DCP શેફાલી બરનવાલ અને પીઆઇ સહિત ત્રણને ઇજા

આ ઘર્ષણમાં DCP શેફાલી બરનવાલને હાથના ભાગે પથ્થર વાગતાં ઈજા પહોંચી છે, જ્યારે PI વી.એલ. પરમારના હાથમાં જ ટિયરગેસનો શેલ ફૂટી જતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઉપરાંત કોન્સ્ટેબલ વિજયને પણ ટિયરગેસના શેલના કારણે ઈજાઓ થઈ હોવાનું સામે આવ્યું છે. હાલમાં આ તમામ ઈજાગ્રસ્ત પોલીસકર્મીઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનામાં પોલીસે ...અનુસંધાન પાના 13 પર

## પેમેન્ટ ઓફ વેજિસ એક્ટ અને ફેક્ટરી એક્ટ મુજબ ફોજદારી કાર્યવાહી થવી જોઈએ: નૈષધ દેસાઈ

ઇન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ઇન્ટુક) ના ગુજરાત સ્ટેટ પ્રેસિડેન્ટ નૈષધ ભૂપતરાય દેસાઇએ જણાવ્યું હતું કે, કામદારો હિંસાથી દૂર રહે. કામદારોની હક અને ન્યાયની લડતમાં ગુજરાત ઈન્ટુક તેઓને તમામ પ્રકારની કાનૂની કાર્યવાહીમાં મદદરૂપ થશે. ગુજરાત ઈન્ટુકના પ્રમુખ એડવોકેટ નૈષધ દેસાઈએ માંગ કરી છે કે, AM/NS ઇન્ડિયા હજીરા પ્લાન્ટમાં કોન્ટ્રાક્ટ ધરાવનાર લાર્સન એન્ડ ટુબ્રો (L & T ) ના સંચાલકો અને ...અનુસંધાન પાના 13 પર


...મેડિકલ કોલેજમાં સને ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષ દરમ્યાન ઉક્ત મેડિકલ કોલેજમાં પ્રવેશ આપવા અંગેના નિયમો અવલોકન અર્થે મોકલાવેલા છે. આ સંબંધમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એક સ્વાયત્ત સંસ્થા હોઈ તથા આ પ્રવેશ માટે નિયમો બનાવી શકે તેમ હોઈ કોર્પોરેશન સર્વોચ્ચ અદાલતના પ્રવેશ નિયમો સંદર્ભેના ચુકાદાઓ લક્ષમાં લઈ પોતાની સત્તા મર્યાદા અનુસાર જરૂરી કાર્યવાહી કરે તેવી વિનંતી છે.

■ 2004માં સુપ્રીમે સ્પષ્ટ જણાવ્યું છે કે સ્મીમેર પ્રવેશ માટે નિયમો જાતે બનાવી શકે.

**સ્મીમેર મેડિકલ કોલેજ પ્રવેશ નિયમો મુદ્દે મનપાની મુંઝવણ કેમ યથાવત?**

# સુપ્રીમ અને રાજ્ય સરકારની સ્પષ્ટતા છતાં મનપા દ્વારા નિર્ણયમાં વિલંબ

**રાજ્ય** સરકારનો સ્પષ્ટ જવાબ: મનપા એક સ્વાયત્ત સંસ્થા છે, સ્મીમેરનો ખર્ચ મનપા ઉઠાવે છે, સુપ્રીમ કોર્ટના નિર્ણયને અનુસરી મનપા પોતાના પ્રવેશ નિયમો ઘડી શકે છે

સુરતઃ સ્મીમેર મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ. પ્રવેશ નિયમોને લઈને એક તરફ કાનૂની અને વહીવટી રીતે સ્પષ્ટતા થઈ ચૂકી હોવા છતાં, બીજી તરફ સુરત મહાનગર પાલિકા હજી સુધી સ્પષ્ટ અને દૃઢ નિર્ણય લઈ શકતી નથી એવો સવાલ ઉઠી રહ્યો છે.

ભૂતકાળમાં સુપ્રીમકોર્ટે સ્પષ્ટ જણાવ્યું હતું કે સ્વાયત્ત સંસ્થા તરીકે મનપા પોતાની સંચાલિત સંસ્થાઓ માટે નિયમો ઘડી શકે છે. સ્મીમેરનું સંચાલન અને નાણાકીય જવાબદારી મનપા સંભાળે છે, તેથી પ્રવેશ માટેના નિયમો બનાવવાનો અધિકાર પણ મનપાને જ છે. ત્યારબાદ વિશેષ વાત એ છે કે આ મુદ્દે મનપાએ પોતે જ રાજ્ય સરકાર પાસે લેખિત સ્પષ્ટતા માંગી હતી. ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા લેખિત જવાબમાં રાજ્ય સરકારે સ્પષ્ટ જણાવાયું હતું કે, મનપા એક સ્વાયત્ત સંસ્થા છે, સ્મીમેરનો ખર્ચ મનપા ઉઠાવે છે, સુપ્રિમ કોર્ટના નિર્ણયને અનુસરી મનપા પોતાના પ્રવેશ નિયમો ઘડી શકે છે. આ લેખિત જવાબ બાદ મનપાએ સ્મીમેર માટે એમ.બી.બી.એસ. પ્રવેશના પોતાના નિયમો ઘડ્યા હતા અને વર્ષ 2000થી "લોકલ વિદ્યાર્થી"ની વ્યાખ્યા પણ પ્રોસ્પેક્ટસમાં નિર્ધારિત કરવામાં આવી છે. કાનૂની રીતે માર્ગ સ્પષ્ટ હોવા છતાં, હાલ મનપા સ્તરે ગૂંચવણ કે અચકાટ જોવા મળે છે. પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

### લોકલ ક્વોટામાં અન્યાય બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચિંતાનો માહોલ

સુરત રાજ્યનું મહત્વપૂર્ણ શહેર હોવા છતાં, મજબૂત રાજકીય પ્રતિનિધિત્વ વચ્ચે પણ મનપા સ્પષ્ટ ઠરાવ લાવવામાં વિલંબ કરે છે. એ મુદ્દે નાગરિકો અને વિદ્યાર્થીઓમાં ચર્ચા ચાલી રહી છે. પ્રવેશ નિયમોને લઈને અનિશ્ચિતતા સર્જાતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચિંતાનો માહોલ છે. ખાસ કરીને "લોકલ વિદ્યાર્થી"ની વ્યાખ્યા અને 85 ટકા લોકલ ક્વોટા જેવી બાબતો પર સ્પષ્ટતા જરૂરી બની છે.

### તમામ વહીવટી માર્ગદર્શન સ્પષ્ટતા છતાં મનપા નિર્ણય લેવામાં વિલંબ કેમ?

શૈક્ષણિક વર્તુળોમાં માનવામાં આવે છે કે કાનૂની અને વહીવટી રીતે તમામ દિશામાં માર્ગદર્શન મળ્યા પછી પણ જો મનપા સ્પષ્ટ નિર્ણય ન લે, તો તે વહીવટી અસમર્થતા કે આંતરિક મતભેદો તરફ સંકેત આપી શકે. સુપ્રીમ કોર્ટ અને રાજ્ય સરકાર બંને તરફથી સ્પષ્ટતા મળ્યા બાદ, હવે મનપા કયો અભિગમ અપનાવે છે તે મહત્વપૂર્ણ રહેશે. સ્મીમેર જેવા પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજના લોકલ ક્વોટામાં ન્યાય મળે તે સમયની માંગ છે.

# હથોડામાં ગૌહત્યા અટકાવવા ગયેલી પોલીસ પર હુમલો

**ગૌહત્યા** રોકવા ગયેલા ગૌરક્ષકનું માથું ફોડી પોલીસના હાથ-પગ તોડ્યા

**કોસંબાના** હથોડામાં 50ના ટોળાનો તલવાર-પથ્થરોથી હુમલો



સુરત : સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના હથોડા ગામે ગઇકાલે મોડીરાત્રે ગૌહત્યા અટકાવવા ગયેલી કોસંબા પોલીસ ટીમ પર હિંસક હુમલો થયો હતો. આ હુમલામાં એક પોલીસકર્મી અને એક ગૌરક્ષક ઘાયલ થયો હતો. આ ઘટના બાદ આજે સુરત જિલ્લા પોલીસની ફોજ હથોડા ગામમાં ઉતારી દેવામાં આવી છે. બીજી તરફ ગૌરક્ષકોએ પોલીસની ઢીલી કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. સુરત ગ્રામ્ય DySP બી.કે. વનારની આગેવાની હેઠળ 7 PI, 15 PSI સહિત ...અનુસંધાન પાના 13 પર

### સાચા ગુનેગારોને પકડવાને બદલે નિર્દોષોની અટકાયત થઈ: ગામલોકોનો આક્ષેપ

હથોડા ગામના રહીશોએ પોલીસની કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ગ્રામજનોનું કહેવું છે કે, હાલ પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. સવારે નમાઝ પઢીને લોકો કામધંધે લાગે તે પહેલા જ પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું હતું. ગામની મહિલાઓએ આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, પોલીસે પુરાવા વગર જે સામે ...અનુસંધાન પાના 13 પર

### પોલીસ જાતે ફરિયાદી બની, આ લોકો સામે ગુનો નોંધાયો

સુરત : હથોડામાં પોલીસ અને ગૌરક્ષકો પર થયેલા હુમલામાં ૪૦થી વધ લોકો સામે ગુનો નોંધાયો છે. જેમની સામે ગુનો નોંધાયો છે તેમાં (૧)ઉસ્માન મીર્ઝા ઉર્ફે ઉસ્સુ રસુલ ઘાંચી રહે.હથોડા તા.માંગરોલ જી.સુરત (૨) સઈદ સરદાર રહે.હથોડા (૩) આસીફ ફફડો રહે.હથોડા (૪) અતિક ...અનુસંધાન પાના 13 પર

# પાંડેસરાની શ્રી શિવ શક્તિ ફૂડ્સનો લોટ અને ઉધના દ્વારકાધીશ ડેરીનું દૂધ અખાદ્ય

**પનીર**, ચીઝ અને બટર બાદ દૂધ પણ પીવાલાયક નથી મળી રહ્યું



પ્રતીકાત્મક તસવીર

સુરતઃ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ પર કામગીરીને લઈને ઉઠેલા સવાલો બાદ હવે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી સંસ્થાઓમાં તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે.

આ સઘન ચેકિંગ દરમિયાન શહેરની પાંચ સંસ્થાઓ અને ડેરીઓમાંથી લેવામાં આવેલા ગાય-ભેંસના દુધ તેમજ ઘઉંના લોટના નમુના તપાસમાં 'સબ-સ્ટાન્ડર્ડ' એટલે કે હલકી ગુણવત્તાના માલુમ પડ્યા છે. મનપાના ફૂડ ઇન્સ્પેક્શન વિભાગે આ તમામ સંસ્થાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેના કારણે ભેળસેળિયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પાંડેસરાની જય જલારામ ઈન્ડસ્ટ્રીમાં આવેલી 'શ્રી શિવ શક્તિ ફૂડ્સ' માંથી લેવાયેલા ઘઉંના લોટનો નમુનો ફેઈલ ગયો છે. આ ઉપરાંત, ઉધના હરીનગર-3 ની 'દ્વારકાધીશ ડેરી' અને સગરામપુરા રઝા કોમ્પ્લેક્સની 'ન્યુ કમલ ડેરી' માં ગાયનું દૂધ હલકી ગુણવત્તાનું જણાયું છે.

વરાછા વિસ્તારમાં એલ.એચ. રોડ પરની 'માં ચામુંડા ડેરી' માં ગાય અને ભેંસ બંનેના દુધના સેમ્પલ ફેઈલ થયા છે, જ્યારે એ.કે. રોડ પર આવેલી 'શ્રીકૃષ્ણ પટેલ ડેરી' માં ભેંસનું દૂધ સબ-સ્ટાન્ડર્ડ હોવાનું બહાર આવ્યું છે.

# ધો.10 ગુજરાતીનું પેપર સરળ રહ્યું પણ પ્રશ્ન 40એ મૂંઝવણ ઊભી કરી

**પાઠ્યપુસ્તક** આધારિત અને સંતુલિત પ્રશ્નપત્રથી વિદ્યાર્થીઓ ખુશખુશાલ



(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ ધોરણ 10ની બોર્ડ પરીક્ષામાં આજે લેવામાં આવેલી ગુજરાતી વિષયનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે મધ્યમથી સરળ રહ્યું હતું. પ્રશ્નપત્ર સંપૂર્ણપણે પાઠ્યપુસ્તક આધારિત અને સંતુલિત હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓને માર્ક્સ મેળવવામાં સરળતા રહે તેવી સ્થિતિ જોવા મળી હતી.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પ્રાથમિક પ્રતિસાદ મુજબ પ્રશ્નપત્રમાં કોઈ ખાસ ટ્વિસ્ટ અથવા અભ્યાસક્રમ બહારનો પ્રશ્ન પૂછાયો નહોતો. વ્યાકરણ, ગદ્ય-પદ્ય અને લેખનકૌશલ્ય વિભાગોમાંથી પૂછાયેલા પ્રશ્નો સ્પષ્ટ અને સમજણભર્યા હતા, જેના કારણે તૈયારી કરનાર વિદ્યાર્થીઓને પૂરતો લાભ મળ્યો હતો. પ્રશ્નપત્રના વિભાગ Cમાં આવેલ પ્રશ્ન ક્રમાંક 40 કેટલાક વિદ્યાર્થીઓ માટે મૂંઝવણજનક રહ્યો હતો. પ્રશ્નની રચના અને વિકલ્પોની સમજણમાં થોડો ગોટાળો સર્જાતો હોવાથી કેટલાક વિદ્યાર્થીઓએ શરૂઆતમાં અચકાશો અનુભવ્યો હતો. તેમ છતાં, સમગ્ર પ્રશ્નપત્રના સ્તર પર તેની મોટી અસર જોવા મળી નહોતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ કેન્દ્રો બહાર વિદ્યાર્થીઓ ખુશ અને આત્મવિશ્વાસથી ભરપૂર દેખાયા હતા. અનેક વિદ્યાર્થીઓએ જણાવ્યું કે પ્રશ્નપત્ર બેલેન્સ હતું અને સમયમર્યાદામાં સરળતાથી પૂર્ણ કરી શકાય એવું હતું.

### ધો. 12 ફિઝિક્સ પેપર લેન્ધી, એક MCQમાં "વળઅચળાંક"ના સ્થાને "ચળઅચળાંક" છપાયું

સુરતઃ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની ફિઝિક્સ (કોડ-054) વિષયની પરીક્ષા કુલ મળીને સંતુલિત અને NCERT આધારિત રહી હોવાનું શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રાથમિક પ્રતિસાદ પરથી જાણવા મળ્યું છે. પેપરનો પાર્ટ-A સરળ અને ટૂંકો રહ્યો હતો, જ્યારે પાર્ટ-B સહેલો હોવા છતાં સમય વધુ માંગે તેવો હોવાનું માનવામાં આવે છે. પેપરના પ્રથમ ભાગમાં 50 ગુણના 50 MCQ પ્રશ્નો પૂછાયા હતા. મોટાભાગના પ્રશ્નો ...અનુસંધાન પાના 13 પર

### પાર્ટ-Bમાં ઓછા દાખલા, વધુ વર્ણનાત્મક પ્રશ્નો

પાર્ટ-B 50 ગુણનો હતો, જેમાં કુલ 27 પ્રશ્નો (વિકલ્પ સાથે) પૂછાયા હતા. તેમાં 10 દાખલા આધારિત અને 17 થિયરી આધારિત પ્રશ્નો સામેલ હતા. ગત વર્ષોની તુલનામાં આ વર્ષે દાખલાઓનું પ્રમાણ ઓછું જોવા મળ્યું. કુલ 28 ગુણના દાખલા પૂછાયા હતા, જ્યારે ગયા વર્ષે 37 ગુણના દાખલા પૂછાયા હતા. વિકલ્પ સહિત 47 ગુણના ...અનુસંધાન પાના 13 પર

### અર્થશાસ્ત્રમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ મેળવવાની તક

સુરત: ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં આજે લેવાયેલ અર્થશાસ્ત્ર વિષયનું પેપર એકંદરે સરળ અને ટૂંકું રહ્યું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. પ્રશ્નપત્રમાં કોઈ પણ પ્રકારનો અચાનક ટ્વિસ્ટ ન હોવાને કારણે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસપૂર્વક પરીક્ષા પૂર્ણ કરી શક્યા હતા. વિદ્યાર્થીઓના પ્રતિસાદ મુજબ પ્રશ્નપત્ર એવી રચનાવાળું ...અનુસંધાન પાના 13 પર

# સુરતમાં તાપમાનમાં અચાનક 4 ડિગ્રીનો ઘટાડો

**સાંજે** ઠંડક , બે-ત્રણ દિવસ માવઠાની શક્યતા

**4-5** માર્ચે ફરી ગરમીનો રાઉન્ડ

સુરતઃ શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. મહત્તમ તાપમાનમાં 4 ડિગ્રીનો ઘટાડો નોંધાતા આજે 31.6 ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન સીમિત રહ્યું હતું. ગત દિવસની સરખામણીએ આ ઘટાડો નાગરિકોને તાત્કાલિક ગરમીમાંથી રાહત આપનાર સાબિત થયો છે.

લઘુત્તમ તાપમાન પણ દોઢ ડિગ્રી ઘટીને 19.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 37 ટકા ભેજ નોંધાઈ હતી, જ્યારે દક્ષિણ પશ્ચિમ દિશામાંથી 6 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની દિશા અને ભેજના પ્રમાણને કારણે વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણથી ચાર દિવસ સુધી ગરમીમાં રાહત યથાવત રહેશે. આ દરમિયાન તાપમાન સામાન્ય કરતાં થોડું ઓછું રહેવાની સંભાવના છે, જેના કારણે લોકોને તડકાની તીવ્રતા ઓછી અનુભવાશે. હાલાંકી 4 અને 5 માર્ચના રોજ ફરી એકવાર ગરમીનો રાઉન્ડ જોવા મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ દિવસોમાં મહત્તમ તાપમાન 37 થી 39 ડિગ્રીની રેન્જમાં પહોંચી શકે છે. જેથી ...અનુસંધાન પાના 13 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર — જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦





**શ્રદ્ધાંજલિ**

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

**સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ**
સ્વ.તા. ૨૫/૦૨/૨૦૨૬

લિ.
ચંપકભાઈ દુલ્લભભાઈ પટેલ પુષ્પાબેન ચંપકભાઈ પટેલ - આભવા
ભૂપેન્દ્રભાઈ છીમુભાઈ પટેલ દક્ષાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ - દિપલી
ધનસુખાભાઈ બાલુભાઈ પટેલ ભાવનાબેન ધનસુખાભાઈ પટેલ - અઠવા
જીતેન્દ્રભાઈ લાલુભાઈ પટેલ ઈલાબેન જીતેન્દ્રભાઈ પટેલ - સરસાણા





**શ્રધ્ધાંજલિ**

સત્કર્મો તમારી શોભા હતી,
સારા કર્મોની સુંગધ સદાય રહેશે.
આપની યાદ અમારી સાથે સદાય રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના.

**સ્વ. જશવંતલાલ માણેકલાલ મહુવાગરા**
(૯મી પૂણ્યતિથિએ)
(ફાગણ સુદ ૧૧)
(ઈ.સ. ૨૦૧૭)

લિ.
રાજેશ જશવંતલાલ મહુવાગરા
પરેશ જશવંતલાલ મહુવાગરા
તથા મહુવાગરા પરિવાર
(શંભુલાલ જે. બ્રધર્સ)

**સ્વ. જશવંતીબેન જશવંતલાલ મહુવાગરા**
(૩૦મી પૂણ્યતિથિએ)
(ફાગણ વદ ૪)
(ઈ.સ. ૧૯૯૬)

**॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥**



**સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ**
જન્મ તા. ૨૨/૦૪/૧૯૫૨ । સ્વ. તા. ૨૫/૦૨/૨૦૨૬

સત્કર્મો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારું જીવન, પરોપકાર તમારું રટણ હતું,
તમે આજે અમારી વચ્ચે નથી એ માનવા દિલ તૈયાર નથી,
પરમ કૃપાળુ ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ડો. સન્મુખલાલ ગોવિંદભાઈ પટેલ — ચંદ્રિકાબેન સન્મુખલાલ પટેલ
મહેશભાઈ સન્મુખલાલ પટેલ — ભૂમિકાબેન મહેશભાઈ પટેલ
સુરેશભાઈ સન્મુખલાલ પટેલ — ફેમિનાબેન સુરેશભાઈ પટેલ
યાના, નાભ્ય, નિસ્કા

નિવાસ સ્થાન : કોળીવાડ, પુણાગામ, સુરત